■સેન્સેક્સઃ ૩૦,૪૩૪.૭૯ ■ ડૉલરઃ ૬૪.૮૪/૮૫ ■ પાઉન્ડઃ ૮૪.૪૯/૫૧ ■યુરોઃ ૭૨.૧૫/૧૭ ■યેનઃ ૫૮.૫૪/૫૬ ■.૯૯૯ ટચ ચાંદીઃ ૩૯,૫૮૦ ■૯૯.૫ ટચ સ્ટા. સોનુંઃ ૨૮,૮૯૫ ■૯૯.૯ ટચ સ્ટા. સોનુંઃ ૨૯,૦૪૫

શેરબજાર

# ટ્રમ્પ આસપાસ કટોકટીનાં વાદળો ઘેરાતાં સેન્સેક્સની ત્રણ સત્રની તેજીને બ્રેકઃ ૨૨૪ પૉઈન્ટનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* ફેડરલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશનનાં ચીફને પદભ્રષ્ટ કરવામાં આવ્યા બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ આસપાસ કટોકટીના વાદળો ઘેરાતા ગઈકાલે અમેરિકી શૅર બજારમાં ઓલ રાઉન્ડ વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી નાસ્દાકમાં ૧૫૮ પૉઈન્ટનો કડાકો બોલાયાના ઓવરનાઈટ અહેવાલ સાથે આજે ભારત સહિતના વૈશ્વિક બજારોમાં પીછેહઠ જોવા મળી હતી. જેમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ત્રણ સત્રની તેજીને બ્રેક લાગી હતી. આજે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૨૪ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૯૬ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો અને ૯૫૦૦ની સપાટીની અંદર ઊતરી ગયો હતો.

એફબીઆઈના ચીફને પદભ્રષ્ટ કરવા બાબતે કટોકટી સર્જાતા અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં વેપારી તરફેણના એજન્ડામાં પીછેહઠ થવાની શક્યતાને ધ્યાનમાં લેતાં અમેરિકી ઈક્વિટી માર્કેટમાં ગઈકાલના સત્રમાં છેલ્લા આઠ મહિનામાં સૌથી વધુ વેચવાલીનું દબાણ રહ્યું હોવાના નિર્દેશ સાથે આજે એશિયાના તમામ ઈક્વિટી માર્કેટમાં ધોવાણ જોવા મળ્યું હતું.

સ્થાનિકમાં એકતરફી તેજી પશ્ચાત્ ઓવરબોટ પોઝિશન હતી તેમ જ વૈશ્વિક બજારના નિરુત્સાહી અહેવાલ સાથે વેચવાલીનું દબાણ વધ્યું હતું. જોકે, આજે નફારૂપી વેચવાલીનું દબાણ પણ રહ્યું હોવાનું બજારના સાધનોએ જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે છેલ્લાં ત્રણ સત્રમાં સેન્સેક્સમાં ૪૭૦ પૉઈન્ટનો ઉછાળો આવ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સમગ્ર સત્ર દરમિયાન બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ નકારાત્મક ઝોનમાં રહ્યો હતો અને સત્ર દરમિયાન નીચામાં ૩૦,૩૯૩.૭૨ સુધી ઘટ્યા બાદ સત્રના અંતે આગલા બંધથી ૨૨૩.૯૮ પૉઈન્ટ ઘટીને ૩૦,૪૩૪.૭૯ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી સત્ર દરમિયાન ૯૪૮.૧૦થી ૯૪૮૯.૧૦ની રેન્જમા અથડાયા બાદ અંતે આગલા બંધથી ૧.૦૧ ટકા અથવા તો ૯૬.૩૦ પૉઈન્ટ ઘટીને ૯૫૦૦ની સપાટીની અંદર ઊતરીને ૯૪૨૯.૪૫ની સપાટીએ બંધ રહ્યો હતો. પ્રાપ્ત પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ફોરેન પોર્ટફોલિયોએ ગઈકાલે રૂ. ૭૩૧.૩૯ કરોડના મૂલ્યના શૅરોની ચોખ્ખી વેચવાલી કરી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૬૧૪.૫૧ કરોડના મૂલ્યના શૅરોની ખરીદી કરી હતી.

એકંદરે અમેરિકાની રાજકીય કટોકટી અને આગામી આર્થિક નીતિઓ અંગે અનિશ્ચિતતાની ચિંતાને ધ્યાનમાં લેતાં બજાર પર વિપરીત અસર પડી છે. જોકે, સ્થાનિક પરિબળો એકંદરે સારા હોવાથી બજાર ફરી મજબૂત થશે એવી શક્યતા જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના હેડ વિનોદ નાયરે વ્યક્ત કરી હતી. આજે એશિયન બજારોમાં હૉંગ કૉંગના હૅન્ગસેન્ગમાં ૦.૬૨ ટકાનો, જાપાનના નિક્કીમાં ૧.૩૨ ટકાનો, સાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૦.૪૬ ટકાનો, લંડનના એફટીએસઈમાં સત્રના આરંભે ૧.૪૨ ટકાનો ફ્રેન્કફર્ટનાં ડેક્સમાં ૧.૦૪ ટકાનો અને પેરિસનાં સીએસીમાં ૧.૩૦ ટકાનો ઘટાડો આવ્યો હતો.

સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી આજે સૌથી વધુ ૨.૫૫ ટકાનો ઘટાડો ટાટા મોટર્સમાં જોવા મળ્યો હતો, ત્યાર બાદ એક્સિસ બૅન્કમાં ૨.૧૫ ટકા ઘટી આવ્યા હતા. વધુમાં આજે બજાજ ઑટોએ જાહેર કરેલા નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬નાં ચોથા ત્રિમાસિકગાળાના પરિણામોમાં ચોખ્ખો નફો ૧૫.૪૮ ટકા ઘટીને રૂ. ૮૦૨ કરોડની સપાટીએ રહ્યો હોવાના અહેવાલ સાથે શૅરના ભાવમાં ૧.૯૪ ટકાનો ઘટાડો નોંધાઈ ગયો હતો. આ ઉપરાંત અન્ય ઘટનાર શૅરોમાં ડૉ. રેડ્ડિઝ, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રા, લાર્સન ઍન્ડ ટૂબ્રો, રિલાયન્સ ઈન્ડ. ઓએનજીસી, મારુતિ સુઝુકી, એસબીઆઈ, ભારતી એરટેલ, આઈટીસી અને ટાટા સ્ટીલનો સમાવેશ થતો હતો. જોકે, આજે વિપ્રો, ટીસીએસ, લ્યુપિન, સન ફાર્મા અને એશિયન પેઈન્ટમાં સુધારાતરફી વલણ રહેતાં સેન્સેક્સમાં મોટો કડાકો અટક્યો હતો.

સેક્ટર અનુસાર આજે બીએસઈ રિઅલ્ટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ૩.૧૨ ટકાનો ઘટાડો આવ્યો હતો, ત્યાર બાદ અનુક્રમે મેટલ ઈન્ડેક્સમાં ૨.૬ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૨.૧૪ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૨.૦૯ ટકાનો, કન્ઝ્યુમર ડ્યૂરેબલ્સમાં ૨.૦૮ ટકાનો, ઑટોમાં ૧.૯૮ ટકાનો, પીએસયુમાં ૧.૬૦ ટકાનો, એફએમસીજીમાં ૧.૫૪ ટકાનો, ઑઈલ ઍન્ડ ગૅસમાં ૧.૫૨ ટકાનો, બૅન્કમાં ૧.૨૫ ટકાનો અને હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૦.૮૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. એકંદરે આજે નફારૂપી વેચવાલીની દબાણ હેઠળ મિડકેપ ઈન્ડેક્સમાં ૨.૧૬ ટકાનો અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૨.૦૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. તેમ જ બજારની બ્રેડ્થ નકારાત્મક રહેતાં કુલ ૨૦૫૯ શૅરના ભાવ ઘટાડાતરફી, ૬૮૭ શૅરના ભાવ વધારાતરફી અને ૧૬૪ શૅરના ભાવ ટકેલા રહ્યા હતા. આજે બજારનું ટર્નઓવર ગઈકાલના રૂ. ૬૮૦૮.૩૮ કરોડ સામે ઘટીને રૂ. ૪૩૦૯ કરોડની સપાટીએ રહ્યું હોવાના અહેવાલ હતા. ■

બુલિયન વૉચ

# શુદ્ધ સોનું ₹ ૬૧૦ ઊછળીને ૨૯,૦૦૦ની પાર

*મુંબઈઃ* આંતરરાષ્ટ્રીય બુલિયન માર્કેટનાં તેજીતરફી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નીકળેલી પ્રબળ લેવાલી ઉપરાંત આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૬૯ પૈસાનું ધોવાણ થતાં આયાત પડતરમાં વધારો થવાથી સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૦નો ઉછાળો આવ્યો હતો, જેમાં ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯,૦૦૦ની સપાટી કુદાવી ગયા હતા. જોકે આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવમાં સાધારણ કિલોદીઠ રૂ. ૧૦૦નો સુધારો હતો.

ટ્રમ્પે એફબીઆઈનાં ડિરેક્ટર જેમ્સ કોમેને ભૂતપૂર્વ નેશનલ સિક્યોરિટી એડવાઈઝર સામેની તપાસ પડતી મુકવા જણાવ્યું હોવાના અહેવાલ સાથે રાજનૈતિક સ્તરે ડૉનલ્ડ ટ્રમ્પ આસપાસ વિવાદ વધ્યો હતો અને ન્યૂ યોર્ક ખાતે ઈક્વિટી માર્કેટમાં ધોવાણ અને સોનામાં સલામતી માટેની માગને ટેકે ઉછાળા આવ્યા હતા. જોકે સોનામાં ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં વધ્યા મથાળેથી ધીમો ઘટાડો આવ્યો હતો. આજે લંડન ખાતે સોનામાં સલામતી માટેની માગ જળવાઈ રહેતાં ભાવમાં સુધારો હતો અને બપોરે ચાર વાગ્યે સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધથી સાધારણ ૦.૨ ટકા વધીને ૧૨૬૨.૬૦ ડૉલર આસપાસ અને ચાંદીના ઔંસદીઠ ભાવ આગલા બંધથી ૦.૭ ટકા ઘટીને ૧૬.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. સ્થાનિકમાં આજે ખાસ કરીને સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નીકળેલી નવેસરથી લેવાલી ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગને ટેકે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૧૦ ઉછળીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮,૮૯૫ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૯,૦૪૫ની સપાટીએ રહ્યા હતા. જોકે, આજે ડૉલર સામે રૂપિયો ૬૯ પૈસા ગગડ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં વધારો થવાથી સોનાની તેજીને ટેકો મળ્યો હતો. જોકે, આજે વૈશ્વિક ચાંદીમાં નરમાઈનો ટોન રહ્યો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતાં સ્થાનિકમાં ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલી પાંખી હોવા છતાં ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૦ વધીને રૂ. ૩૯,૫૮૦ની સપાટીએ રહ્યા હતા. ■

મેટલ વૉચ

# ટીન અને નિકલમાં સુધારો

*મુંબઈઃ* લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરમાં નરમાઈનો અન્ડરટોન જળવાઈ રહ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપરની ચોક્કસ વેરાઈટીઓ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૩નો ઘટાડો આવ્યો હતો. જોકે, ટીન અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫ અને રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧નો સુધારો આવ્યો હતો. આ સિવાયની અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે અમેરિકાની રાજકીય કટોકટીને ધ્યાનમાં લેતાં લંડન ખાતે કોપરમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત ચીનના આર્થિક આંકડાઓ નબળા આવ્યા હોવાથી સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર આજે લંડન ખાતે બપોરે ચાર વાગ્યે કોપરના ટનદીઠ ભાવ આગલા બંધથી ૧.૯ ટકા ઘટીને ૫૫૦૨.૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન સ્થાનિકમાં આજે ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની નીચા મથાળેથી નીકળેલી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૪૬૫ અને રૂ. પાંચ વધીને રૂ. ૬૮૫ના મથાળે રહ્યા હતા. આ ઉપરાંત છૂટીછવાઈ માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧ વધીને અનુક્રમે રૂ. ૧૫૧ અને રૂ. ૧૧૯ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી નિરસ માગ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩ ઘટીને અનુક્રમે રૂ. ૩૯૪, રૂ. ૩૯૦ અને રૂ. ૪૨૨, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨ ઘટીને રૂ. ૩૦૮ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧ ઘટીને રૂ. ૩૮૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ રહ્યું હતું. ■

# જીડીપીના અંદાજમાં વધારાની શક્યતા

*નવી દિલ્હીઃ* નવી સીરિઝનાં ઔદ્યોગિક ઉત્પાદનનાં આંકડા અને જથ્થાબંધ ભાવને ધ્યાનમાં લેતાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે જીડીપીનો અંદાજ જે અગાઉ ૬.૭ ટકા મૂકવામાં આવ્યો હતો તે વધારીને ૭.૪ ટકા કરવામાં આવે તેવી શક્યતા નોમુરાએ એક અહેવાલમાં વ્યક્ત કરી છે.

સેન્ટ્રલ સ્ટેટેસ્ટિકલ ઑફિસ (સીએસઓ)એ ગત સપ્તાહે જથ્થાબંધ ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવા અને ઔદ્યોગિક ઉત્પાદનની સીરિઝનાં આંક માટેનું પાયાનું વર્ષ જે અગાઉ વર્ષ ૨૦૦૪-૦૫ હતું તે વર્ષ ૨૦૧૧-૧૨ કર્યું હતું. ઔદ્યોગિક ઉત્પાદન એ અસંગઠિત ઉત્પાદન ક્ષેત્રમાં મૂલ્ય વર્ધનનો અંદાજ હોય છે, જ્યારે જથ્થાબંધ ગ્રાહક ભાવાંક એ વાસ્તવિક ગ્રોસ વૅલ્યુ ઍડેડ (જીવીએ)નું પ્રતિબિંબ દર્શાવે છે. નોમુરાએ તાજેતરમાં બહાર પાડેલી એક રિસર્ચ નૉટ્સમાં જણાવ્યું હતું કે અમારા મતે વર્ષ ૨૦૧૫-૧૬ માટે જીવીએ વૃદ્ધિનો અંદાજ જે અગાઉ ૭.૮ ટકા મૂકવામાં આવ્યો હતો તે વધારીને ૮.૨ ટકા અને વર્ષ ૨૦૧૬-૧૭ માટે જે ૬.૭ ટકાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો તે વધારીને ૭.૪ ટકા મૂકવામાં આવશે. વધુમાં અહેવાલમાં ઉમેર્યું હતું કે વપરાશ અને રોકાણ વધતા વર્ષ ૨૦૧૬-૧૭નાં જીડીપીનો દ્વીતિય અંદાજ જે ૭.૧ ટકા મૂકવામાં આવ્યો હતો વધારીને ૭.૮ ટકા કરવામાં આવશે. ■

# ડૉલર સામે રૂપિયામાં ૨૧ મહિનાનો સૌથી મોટો ૬૯ પૈસાનો કડાકો

*મુંબઈઃ* અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ આસપાસ કટોકટીના વાદળો ઘેરાતાં વૈશ્વિક ઈક્વિટી માર્કેટ દબાણ હેઠળ આવવાની સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૧ મહિનાનો સૌથી મોટો એક ટકાનો અથવા તો ૬૯ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૬૪.૧૫ના બંધ સામે નરમાઈના ટોને ૬૪.૩૪ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૬૪.૯૧ અને ઉપરમાં ૬૪.૩૨ સુધી ક્વૉટ થયા બાદ સત્રના અંતે આગલા બંધથી એક ટકો અથવા તો ૬૯ પૈસા ગગડીને ૬૪.૮૪ના મથાળે બંધ રહ્યો હતો. આ પૂર્વે ૨૪ ઑગસ્ટ, ૨૦૧૫ના રોજ ડૉલર સામે રૂપિયો ૧.૦૬ ટકાના ઘટાડા સાથે ૬૪.૮૫ના મથાળે બંધ રહ્યો હતો. ■

પોલીસી મેટર

# ચાઈનીઝ રસાયણ અને એલ્યુમિનિયમ ફોઈલ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી

*નવી દિલ્હીઃ* સસ્તી આયાત સામે સ્થાનિક ઉત્પાદકોના હિત જાળવી રાખવા સરકારે આજે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ દ્વારા વાપરવામાં આવતા રસાયણ અને એલ્યુમિનિયમ ફોઈલ પર એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી છે.

સરકારે એલ્યુમિનિયમ ફોઈલ પર કિલોદીઠ ૧.૬૩ ડૉલર સુધીની અને ફાર્મા ઉદ્યોગમાં વપરાતા રસાયણ એમોક્સિસિલિન પર કિલોદીઠ ૮.૭૧ ડૉલર સુધીની એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી લાદી છે. આ બન્ને ઉત્પાદનો પર પાંચ વર્ષ સુધી એન્ટિ ડમ્પિંગ ડ્યૂટી અમલી રહેશે, એમ નાણાં મંત્રાલયે આજે બહાર પાડેલા અલગ અલગ નોટિફિકેશનમાં જણાવ્યું હતું.

વાણિજ્ય મંત્રાલય હેઠળની તપાસકર્તા એજન્સી ડિરેક્ટોરેટ જનરલ ઑફ એન્ટિ ડમ્પિંગ એન્ડ એલાઈડ ડ્યૂટીઝ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં એવું ફલિત થયું હતું કે આ બન્ને ઉત્પાદનોનું ભારતમાં ડમ્પિંગ થતાં સ્થાનિક ઉત્પાદકોને નોંધપાત્ર માત્રામાં હાનિ પહોંચી છે. અત્રે નોંધનીય બાબત એ છે કે હિન્દાલ્કો, રવિરાજ ફોઈલ્સ અને જિન્દાલ ઈન્ડિયાએ દવા, પ્રોસેસ્ડ ખાદ્ય ચીજો અને સિગારેટનાં પેકિંગ માટે ઉપયોગમાં આવતી એલ્યુમિનિયમ ફોઈલના ડમ્પિંગ અંગે તપાસ કરવાની અરજી કરી હતી. તે જ પ્રમાણે ઑરબિન્દો ફાર્માએ ચીનથી આયાત થતાં એમોક્સિસિલિનના ડમ્પિંગની તપાસની અરજી કરી હતી. ■

અપીલ

# નાનાં અને મધ્યમ એકમો માટે જીએસટીનાં કાયદા-નિયમો સરળ બનાવવા કેઈટની માગ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* કોન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેઈટ)નાં મહારાષ્ટ્રના એકમે કેન્દ્રીય નાણાં પ્રધાન અને જીએસટી કાઉન્સિલનાં ચેરમેન અરુણ જેટલીને વિસ્તૃત આવેદનપત્ર પાઠવીને નાના અને મધ્યમ કદના એકમો માટે બોજારૂપ ન બને તેવાં જીએસટી (ગૂડ્સ ઍન્ડ સર્વિસ ટેક્સ)નાં કાયદાઓ અને નિયમો સરળ બનાવવાનો અનુરોધ કર્યો છે.

કેઈટના જણાવ્યાનુસાર હાલનું જીએસટીનું માળખું નાના અને મધ્યમ કદનાં એકમો માટે વહીવટી ભારણ વધારનારું છે અને તેઓની રોકડ પ્રવાહિતા કથળાવે તેવું હોવાનું કેઈટનાં પ્રમુખ કીર્તિભાઈ રાણા અને જનરલ સેક્રેટરી મહેશ બખાઈએ જણાવતાં ઉમેર્યું હતું કે જીએસટીનાં ઘણાં કાયદાઓ હજુ મુસદ્દાના સ્વરૂપમાં હોવાથી જીએસટી કાઉન્સિલ પાસે હજુ તેમાં ફેરફાર કરવાનો પૂરતો અવકાશ છે.

વધુમાં અમે આવેદન પત્રમાં કોમ્પોઝિશન સ્કીમની મર્યાદા તાત્કાલિક ધોરણે વધારીને એક કરોડ કરવાની અને આ સ્કીમ સ્વીકારનાર પર લાદવામાં આવનાર અકારણસરના નિયંત્રણો અને શરતો ન લાદવા જણાવ્યું છે. તેમ જ રજિસ્ટર્ડ ન થયેલી વ્યક્તિ પાસેથી થયેલી ખરીદીના રિવર્સ ચાર્જની જોગવાઈઓ, ૧૮૦ દિવસમાં પેમેન્ટ ન મળવાના કિસ્સામાં અને ગૂડ્સ તથા સેવાની ડિલિવરી પૂર્વે મળેલા એડવાન્સ ક્રેડિટનાં રિવર્સલની જોગવાઈ નોટિફાઈ ન કરવામાં આવી હોવાથી તેનો અમલ ન કરવા જણાવ્યું છે. વધુમાં કેઈટનાં મહારાષ્ટ્ર એકમે ઈ વે બિલ અને એકાઉન્ટિંગ અંગેનાં નિયમોમાં ઘણાં ફેરફાર આવશ્યક હોવાનું જણાવતાં ઉમેર્યું હતું કે સાધારણ વિલંબ કે કોઈ કાર્યવાહીમાં વિલંબ કે કોઈ ટેક્નિકલ લેપ્સ સંદર્ભે ત્રણ વર્ષ સુધી કોઈ પેનલ્ટી ન લાદવાની માગણી કરવામાં આવી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

કોમોડિટી

# ક્રૂડતેલના વાયદામાં બેતરફી વધઘટઃ કોટન, સીપીઓ, મેન્થા તેલમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*મુંબઈ :* વિવિધ કોમોડિટીઝના વાયદાઓના પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૧૩૪૨૫.૩૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં તેજીનો માહોલ હતો, જ્યારે ચાંદીમાં મિશ્ર વલણ ભાવમાં રહ્યું હતું. એનર્જીમાં ક્રૂડતેલમાં બેતરફી વધઘટ હતી. કૃષિ કૉમોડિટીઝમાં કૉટન, સીપીઓ, મેન્થા તેલમાં નરમાઈ હતી. એલચીમાં બેધારી ચાલ હતી. કૉમોડિટી વાયદાનો સૂચકાંક કોમડેક્સ પ્રથમ સત્રનાં અંતે ૯.૮૫ પોઈન્ટ ઘટીને ૩૧૦૩.૮૬ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં તાંબુ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૪.૨ ઘટીને રૂ. ૩૫૮.૯૫ અને નિકલનો મે વાયદો રૂ. ૧.૫ ઘટીને રૂ.૫૮૩.૯ થયા હતા, જ્યારે એલ્યુમિનિયમનો મે વાયદો ૧૫ પૈસા ઘટીને રૂ.૧૨૩.૫૫ અને સીસાનો મે વાયદો રૂ. ૨.૮૫ ઘટીને રૂ. ૧૩૨.૬ થયા હતા. જસતનો મે વાયદો રૂ. ૪.૨ ઘટીને રૂ. ૧૬૦.૧૫ બંધ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડતેલનો મે વાયદો પ્રથમ સત્રનાં અંતે બેરલદીઠ રૂ. ૨૨ ઘટીને રૂ. ૩૧૩૪ થયો હતો, જ્યારે નેચરલ ગૅસનો મે વાયદો એમએમબીટીયૂદીઠ રૂ. ૪.૩ વધીને રૂ. ૨૦૯ બંધ રહ્યો હતો.

કૃષિ કૉમોડિટીઝમાં કૉટનનો મે વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૧૨૦૦ ખૂલી, ઉપરમાં રૂ. ૨૧૨૪૦ અને નીચામાં રૂ. ૨૧૧૦૦ સુધી જઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૦ ઘટીને રૂ. ૨૧૧૪૦ રહ્યો હતો, જ્યારે સીપીઓનો મે વાયદો પ્રથમ સત્રનાં અંતે ૧૦ કિલોદીઠ રૂ. ૧.૧ ઘટીને બંધમાં રૂ. ૫૧૨.૭ બંધ રહ્યો હતો. એલચીનો જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૨૦.૯ ખૂલી, અંતે રૂ. ૮.૬ ઘટીને રૂ. ૧૦૧૫.૪ થયો હતો, જ્યારે મેન્થા તેલનો મે વાયદો કિલોદીઠ રૂ. ૩.૧ ઘટીને બંધમાં રૂ. ૯૬૧.૪ રહ્યો હતો. કીમતી ધાતુઓમાં સોનાનો જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૬૫૦ ખૂલી, ઉપરમાં રૂ. ૨૮૯૭૯ અને નીચામાં રૂ. ૨૮૫૬૭ રહી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૨ વધીને રૂ. ૨૮૯૨૧ રહ્યો હતો, જ્યારે સોનાનો ઓગસ્ટ વાયદો પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૮૪ વધીને બંધમાં રૂ. ૨૯૦૭૫ રહ્યો હતો. ગોલ્ડ-ગિનીનો મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ. ૨૩૩૯૯ ખૂલી, અંતે રૂ. ૧૯૨ વધીને રૂ. ૨૩૫૬૩ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ. ૨૦ વધીને બંધમાં રૂ. ૨૯૨૪ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદીનો જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૩૯૧૫૯ ખૂલી, ઉપરમાં રૂ.૩૯૩૭૫ અને નીચામાં રૂ. ૩૮૬૨૯ બોલાઈ, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ વધીને રૂ. ૩૯૨૦૪ રહ્યો હતો, જ્યારે ચાંદી સપ્ટેમ્બર વાયદો પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૫ વધીને બંધમાં રૂ. ૩૯૬૭૦ રહ્યો હતો. ચાંદી-મિનીનો જૂન વાયદો કિલોદીઠ રૂ. ૩૯૨૯૮ ખૂલી, અંતે રૂ. ૨૪ ઘટીને રૂ. ૩૯૧૯૭ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો જૂન વાયદો કિલોદીઠ રૂ.૧૮ ઘટીને બંધમાં રૂ. ૩૯૨૦૩ રહ્યો હતો.

કૉમોડિટી વાયદાનો સૂચકાંક કૉમડેક્સ ૩૧૧૩.૨૭ ખૂલી, ઉપરમાં ૩૧૧૭.૩૪ અને નીચામાં ૩૦૯૮.૩૪ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૯.૮૫ પોઈન્ટ ઘટીને ૩૧૦૩.૮૬ બંધ રહ્યો હતો. વિભાગીય આંકોમાં મેટલ ઈન્ડેક્સ ૯.૫૭ પોઈન્ટ ઘટીને ૪૪૬૪.૯૩ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ ૭.૮૧ પોઈન્ટ ઘટીને ૨૩૬૭.૨૮ પોઈન્ટ રહ્યા હતા, જ્યારે એગ્રી ઈન્ડેક્સ ૧૬.૪૯ પોઈન્ટ ઘટીને ૨૪૭૫.૬૩ પોઈન્ટ બંધ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ સોનાના વાયદાઓમાં ૨૧,૪૩૧ સોદામાં રૂ. ૩,૨૮૨.૫૨ કરોડનાં ૧૧,૪૦૩ કિલો, ચાંદીમાં ૫૧,૯૪૪ સોદામાં રૂ.૨,૩૮૭.૧૯ કરોડનાં ૬૧૦.૮૪૮ ટન, ક્રૂડતેલમાં ૩૧,૮૪૫ સોદામાં રૂ. ૨,૨૨૫.૫૯ કરોડનાં ૭૦,૭૩,૫૦૦ બેરલ્સ, નેચરલ ગૅસમાં ૧૧,૧૦૮ સોદામાં રૂ. ૪૫૧.૫૭ કરોડનાં ૨,૧૭,૧૩,૭૫૦ એમએમબીટીયૂ, કૉટનમાં ૧,૫૩૭ સોદામાં રૂ. ૧૧૨.૨૫ કરોડનાં ૫૨,૭૫૦ ગાંસડી, સીપીઓમાં ૧,૮૩૨ સોદામાં રૂ. ૧૬૬.૩૬ કરોડનાં ૩૨,૯૦૦ ટન, એલચીમાં ૧૭૨ સોદામાં રૂ. ૨.૩૨ કરોડનાં ૨૩ ટન, મેન્થા તેલમાં ૧,૧૨૩ સોદામાં રૂ.૪૮.૬૩ કરોડનાં ૫૧૦ ટન અને આરબીડી પામોલીનમાં ૧૫ સોદામાં રૂ. ૮૯ લાખનાં ૧૬૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૭,૦૦૩ કિલો, ચાંદીમાં ૭૫૨.૯૦૦ ટન, ક્રૂડ તેલમાં ૨૦,૮૮,૭૦૦ બેરલ્સ, નેચરલ ગેસમાં ૧,૦૦,૬૩,૭૫૦ એમએમબીટીયૂ, કૉટનમાં ૨,૩૭,૧૭૫ ગાંસડી, સીપીઓમાં ૮૧,૧૪૦ ટન, એલચીમાં ૫૩ ટન, મેન્થા તેલમાં ૧,૧૦૨ ટન અને આરબીડી પામોલીનમાં ૧,૧૦૦ ટનના સ્તરે રહ્યો હતો. ■

કોર્પોરેટ

# આઈડિયા-વૉડાફોન મર્જરઃ સેબીએ સ્પષ્ટતા માગી

*નવી દિલ્હીઃ* બજાર નિયામક સિક્યોરિટીઝ ઍન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા (સેબી)એ આદિત્ય બિરલા જૂથની કંપની આઈડિયા સેલ્યુલર પાસેથી વોડાફોન પીએલસીનાં ભારત ખાતેના એકમનાં પ્રસ્તાવિત મર્જર અંગે સ્પષ્ટતા માગી છે. જેમાં ખાસ કરીને આ મર્જરમાં સંકળાયેલા મર્ચન્ટ બૅન્કર અંગેની સ્પષ્ટતા માગી છે.

વધુમાં ગયા મહિને કંપનીએ કોમ્પિટિશન કમિશન ઑફ ઈન્ડિયા (સીસીઆઈ)નો પ્રસ્તાવિત મર્જર અંગે સંપર્ક કર્યો હતો અને આ સંદર્ભે ટ્રેડ નિયામકની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

ગત માર્ચ મહિનામાં વોડાફોન ઈન્ડિયા અને આઈડિયા સેલ્યુલરે મર્જરની જાહેરાત કરી હતી અને આ સાથે જ તે ૩૫ ટકા બજાર હિસ્સા સાથે ૨૩ અબજ ડૉલરનાં મૂલ્યની સૌથી મોટી કંપની બનશે. આ પ્રસ્તાવના ભાગરૂપે મર્જ થયેલી એન્ટિટીમાં બ્રિટિશ કંપની ૪૫.૧ ટકા હિસ્સો ધરાવશે, જ્યારે આદિત્ય બિરલા જૂથ અથવા તો આઈડિયાની પેરેન્ટ કંપની રૂ. ૩૮૭૪ કરોડનું રોકાણ કરીને ૪.૯ ટકા હિસ્સો ખરીદીને કુલ ૨૬ ટકા હિસ્સો ધરાવશે અને શેષ ૨૮.૯ ટકા હિસ્સો અન્ય શૅર ધારકોનો રહેશે.

પ્રસ્તાવિત મર્જર માટે આઈડિયા સેલ્યુલરે ગત એપ્રિલ મહિનામાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઑફ ઈન્ડિયા પાસે મંજૂરી માગી હતી. ■

કોમોડિટી

# ખાંડમાં રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ વચ્ચે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*નવી મુંબઈઃ* મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સતત બીજા સત્રમાં દેશાવરોની પાંખી માગ ઉપરાંત મહારાષ્ટ્રની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ટેન્ડરના ભાવ ટકેલા રહ્યા હતા. તેમ જ સ્થાનિકમાં પણ પણ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની મર્યાદિત માગ વચ્ચે ભાવમાં એકંદરે વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં રિટેલ સ્તરની અને સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે ઉપાડ ૨૭થી ૨૮ ટ્રકનો જળવાઈ રહ્યો હતો. તેમ જ મિલો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૨૦ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૧૦થી ૩૯૮૫ આસપાસ ગુણવત્તાનુસાર ધોરણે ટકેલા રહ્યા હતા.

નાકા ડિલિવરી ધોરણે આજે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહી હતી. તેમ જ મિલો પાછળ ભાવમાં ટકેલું વલણ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૮૯૦માં અને મિડિયમ ગ્રેડના રૂ. ૩૮૮૦થી ૩૯૫૫ આસપાસના મથાળે ગુણવત્તાનુસાર થયા હતા.

જ્યારે આજે મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડર ક્વિન્ટલે રૂ. ૩૭૪૫થી ૩૭૯૫માં અને મિડિયમ ગ્રેડના ટેન્ડર રૂ. ૩૭૮૫થી ૩૮૬૦ આસપાસના મથાળે જવાની ધારણા મુકાઈ રહી હતી. ■